# દ્વિવર્ષીય બી.એડ્.ના તાલીમાર્થીઓના ઇન્ટર્નશીપ કાર્યક્રમ અંગેના અભિપ્રાયોનો એક અભ્યાસ

ડૉ.પ્રજ્ઞેશકુમાર એચ.પરમાર

**સારાંશ**

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુબી.એડ્.ના તાલીમાર્થીઓના ઇન્ટર્નશીપ કાર્યક્રમ અંગેના અભિપ્રાયો અભ્યાસ કરવો. જેમાં કુલ ૯૮ વિદ્યાર્થીઓને નમૂના તરીકે લઇને સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધનમાંઉપકરણ તરીકે અભિપ્રાયાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધનના તારણો પરથી જાણવા મળ્યું કે બી.એડ્.ના તાલીમાર્થીઓ ઇન્ટર્નશીપ કાર્યક્રમ અંગે હકારાત્મક દષ્ટિકોણ ધરાવતા હતા.

**૧. પ્રસ્તાવના**

વૈશ્વિકરણના સંદર્ભમાં શૈક્ષણિક પ્રક્રિયામાં શિક્ષકોની ભૂમિકા સતત પરિવર્તન પામી રહી છે. કોઇ પણ લોકશાહી દેશના વિકાસનો આધાર શિક્ષકોની ક્ષમતા અને અક્ષમતા પર રહેલો છે. શિક્ષકો શિક્ષણ વ્યવસ્થામાં ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેઓ વિદ્યાર્થીઓના જીવનમાં મહત્ત્વનો પ્રભાવ પાડે છે. ઘણા એવા પરિબળો છે કે જે સારા અને અસરકારક શિક્ષકો તૈયાર કરવા માટે ખૂબ ક મહત્ત્વનો ફાળો આપે છે. જેમાનું એક પરિબળ શિક્ષક-પ્રશિક્ષણ બી.એડ્. તાલીમી કાર્યક્રમ છે. જેમાંઇન્ટર્નશીપ તાલીમી કાર્યક્રમ એ બી.એડ્. કાર્યક્રમનો ખૂબ જ મહત્ત્વનો ભાગ છે. જે બી.એડ્.ના તાલીમાર્થીઓનો વ્યવાસાયિક વિકાસનું મૂલ્યાંકન કરે છે. બી.એડ્.ના તાલીમાર્થીઓ માટે પોતે મેળવેલા સૈદ્ધાંતિક જ્ઞાનને વ્યવહારિક સ્વતંત્ર રીતે અમલમાં મૂકવાની એક તક છે. પ્રસ્તુત સંશોધનમાંદ્વિવર્ષીય બી.એડ્.ના તાલીમાર્થીઓના પ્રથમ ઇન્ટર્નશીપ કાર્યક્રમકેટલો અસરકારક રહયો તેમ ઇન્ટર્નશીપ કાર્યક્રમથી બી.એડ્.ના તાલીમાર્થીઓને સાર્થક લાભ થયો કે કેમ તે જાણવાનો આ એક પ્રયાસ છે. જેને સંશોધકે વૈજ્ઞાનિક સ્વરૂપ આપી સંશોધન હાથ ધર્યુ હતું.

**૧.૧ સાહિત્ય સમીક્ષા**

**રજનીશ (૨૦૧૨)**[૧] એ "Problems of B.Ed. Trainees During Teaching Practice" વિષય પર કોટદ્વાર, ઉત્તરાખંડમાં સંશોધન હાથ ધર્યુ હતું. આ સંશોધન મુખ્ય હેતુબી.એડ્ના તાલીમાર્થીઓને શૈક્ષણિક તાલીમ દરમિયાન પડતી મુશ્કેલીઓને જાણવનો હતો. જે માટે સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સંશોધન ઉપકરણ તરીકે પ્રશ્નાવલીની રચના કરવામાં આવી હતી. આ સંશોધનના તારણ પરથી જાણવા મળ્યું કે તાલીમાર્થીઓને પાણીની સૂવિધા પૂરતી મળતી ન હતી, તાલીમાર્થીઓને પાઠોની પૂર્વતૈયારી માટે સમય વધુ મળતો ન હતો. તાલીમાર્થીઓને શૈક્ષણિક સાધનના ઉપયોગમાં મુશ્કેલી પડતી હતી.

**શર્મા, પ્યાસે અને જૈન (૨૦૧૩)**[૨] એ"A study & Survey of B.Ed. Students attitude towards Using Internet"વિષય પર ઇન્ડોરમાં સંશોધન હાથ ધર્યુ હતું. આ સંશોધનનો મુખ્ય હેતુ બી.એડ્.ના વિદ્યાર્થીઓના ઇન્ટરનેટના વપરાશ અંગેના વલણનો અભ્યાસ કરવાનો હતો. સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રશ્નાવલિની રચના કરવામાં આવી હતી. નમૂના પસંદગી યાદૃચ્છિક રીતે કરવામાં આવી હતી. સંશોધન તારણ જાણવા મળ્યું કે વિદ્યાર્થીઓ ખુબ જ ઓછી માત્રા ઇન્ટરનેટનો વપરાશ કરતા હતા. આ ઉપરાંત એ બાબત પણ જાણવા મળી કે ઇન્ટરનેટનો ઉપયોગ કેવી રીતે કરવો તે શીખવામાં કમ્પ્યુટર વપરાશનો અનુભવ અસર કરતો હતો.

**બોર્સે (૨૦૧૪)**[3] એ "Teaching Attitude of B.Ed. Teacher Trainees and Secondary School Teacher" વિષય પર નાશીકમાં સંશોધન હાથ ધર્યુ હતું. આ સંશોધનનો મુખ્ય હેતુબી.એડ્ના તાલીમાર્થીઓ અને માધ્યમિક શાળાના શિક્ષકોના અધ્યાપન પ્રત્યે વલણો જાણવાનો હતો. જેમાં સંશોધકે સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જયારે નમૂનાની પસંદગી યાદૃચ્છીક રીતે કરવામાં આવી હતી. સંશોધન ઉપકરણ તરીકે ડૉ.એસ.પી.આલ્લુવાલિયા દ્વારા રચિત શિક્ષક વલણ સંશોધનીકાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### ૧.૨ સમસ્યા કથન

પ્રસ્તુત સંશોધનનું સમસ્યા કથન સંશોધકે આ મુજબ નિધારિત કર્યુ.

**દ્વિવર્ષીય બી.એડ્.ના તાલીમાર્થીઓના ઇન્ટર્નર્શીપ કાર્યક્રમ અંગેના અભિપ્રાયોનો એક અભ્યાસ**

### ૧.3 સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધનના સામાન્ય હેતુઓ આ પ્રમાણે છે.

૧. બી.એડ્.ના તાલીમાર્થીઓના ઇન્ટર્નર્શીપ કાર્યક્રમ અંગેના સામાન્ય અભિપ્રાયો જાણવા.
૨. બી.એડ્. કોલેજના પ્રકારના સંદર્ભમાં ઇન્ટર્નર્શીપ કાર્યક્રમ અંગેના અભિપ્રાયોની તુલના કરવી.
3. જાતિયતાના સંદર્ભમાં બી.એડ્.ના તાલીમાર્થીઓના ઇન્ટર્નર્શીપ કાર્યક્રમ અંગેના અભિપ્રાયો અભ્યાસ કરવો.

### ૧.૪ ઉત્કલ્પનાઓ

૧. અનુદાનિત કોલેજ અને બિનઅનુદાનિત કોલેજના તાલીમાર્થીઓના ઇન્ટર્નર્શીપ કાર્યક્રમ અંગેના અભિપ્રાયોની સરાસરીઓ વચ્ચે કોઇ અર્થસૂચક તફાવત જોવા મળશે નહિ.
૨. અનુદાનિત કોલેજ અને બિનઅનુદાનિત કોલેજની છોકરીઓના ઇન્ટર્નર્શીપ કાર્યક્રમ અંગેના અભિપ્રાયોની સરાસરીઓ વચ્ચે કોઇ અર્થસૂચક તફાવત જોવા મળશે નહિ.

### ૧.૫ સંશોધનનું સીમાંકન

પ્રસ્તુત સંશોધન સુરત જિલ્લાની બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ પૂરતું જ મર્યાદિત હતું.

## ૨. પદ્ધતિ

### ૨.૧ વ્યાપ વિશ્વ અને નમૂના પસંદગી

પ્રસ્તુત સંશોધનનું વ્યાપ વિશ્વ તરીકે સુરત જિલ્લાની બી.એડ્. કોલેજના વિદ્યાર્થીઓ હતાં. જેમાંથી નમૂના તરીકે સુરત જિલ્લામાંથીસહેતુક રીતે બે બી.એડ્. કોલેજોની પસંદગી કરવામાં આવી હતી. જેમાં બંને કોલેજોના ૪૯-૪૯ વિદ્યાર્થીઓ પસંદ કરેલ હતા. પસંદગી કરેલ કોલેજના કુલ વિદ્યાર્થીઓ સારણી ૧ માં દર્શાવેલ છે.

**સારણી ૧ કુલ વિદ્યાર્થીઓ**

| જાતિયતા | સંખ્યા | % |
|---|---|---|
| છોકરાઓ | ૧૬ | ૧૬.33 |
| છોકરીઓ | ૮૨ | ૮3.૬૭ |
| કુલ | ૯૮ | ૧૦૦ |

### ૨.૨ સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ સંશોધન પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું.

**૨.૩ ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનના ઉપકરણ તરીકે સંશોધકે અભિપ્રયાવલિની રચના કરી હતી. જેમાં સંશોધકોએ પ્રાથમિક ધોરણે ૪૨વિધાનોની રચના કરી હતી. આ વિધાનો અંગે નિષ્ણાતોના સલાહ સૂચનો લઇને આ વિધાનોની દેખીતી યથાર્તતા નક્કી કરવામાં આવી. જે વિધાનોની ભાષાકીય ભૂલો, જોડણીદોષો, પૂન:રચના અને કેટલાંક વિધાનો સંપૂર્ણ રદ કરવા તરફ દોરી ગઇ. આ પ્રક્રિયાને અંતે ૩૧ વિધાનોની પસંદગી કરવામાં આવી. આ પસંદ કરેલ ૩૧ વિધાનો લિકર્ટ પ્રકારના હતાં એટલે કે તેમાંર૬ હકારાત્મક અને ૫ નકારાત્મક વિધાનો હતા. જે દરેક અસંમત થી સંમત જેવા ત્રિબિંદુ પ્રતિચાર આધારિત હતાં. આ ઉપરાંત સંશોધકે મુકત અભિપ્રાયાવલિ પણ તૈયાર કરી હતી.

**૨.૪ માહિતી એકત્રિકરણ**

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રિકરણ માટે સૌ પ્રથમ કોલેજોના આચાર્યોની પરંવાનગી મેળવી, ત્યારબાદ સંશોધકોએ ઉપકરણનું સ્વસંચાલન કરીને વિદ્યાર્થીઓ પાસેથી માહિતી એકત્ર કરી હતી.

**૨.૫ માહિતીનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ**

માહિતીનું એકત્રિકરણ કર્યા પછી, ઉપકરણનું પ્રાથમિક ધોરણે પૃથક્કરણ કરતા ૯૨ નમૂનાના પાત્રો એ યોગ્ય રીતે માહિતી આપી હતી. જે સારણી ૨માં દર્શાવેલ છે. સંશોધનના હેતુઓ અને ઉત્કલ્પનાઓ ધ્યાનમાં રાખીને અંકશાસ્ત્રીય પૃથક્કરણ માટે આવૃત્તિ, ટકાવારી, ટી-કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**સારણી ૨ કુલ વાસ્તવિક વિદ્યાર્થીઓ**

| જાતિયતા | સંખ્યા | % |
|---|---|---|
| છોકરાઓ | ૧૧ | ૧૧.૯૬ |
| છોકરીઓ | ૮૧ | ૮૮.૦૪ |
| કુલ | ૯૨ | ૧૦૦ |

**૩. સંશોધનના તારણો**

પ્રસ્તુત સંશોધનના તારણોને સારણીઓમાં દશાવેલા છે.

**૩.૧ બી.એડ્ના તાલીમાર્થીઓના ઇન્ટર્નશીપ કાર્યક્રમ અંગેના અભિપ્રાયો**

બી.એડ્ના તાલીમાર્થીઓના ઇન્ટર્નશીપ કાર્યક્રમ અંગેના અભિપ્રાયોની આવૃત્તિ અને ટકાવારી સારણી ૩માં દર્શાવેલ છે.

**સારણી ૩ બી.એડ્ના તાલીમાર્થીઓના ઇન્ટર્નશીપ કાર્યક્રમ અંગેના અભિપ્રાયો**

| વિધાનના ક્રમ | સંમત | | તટસ્થ | | અસંમત | |
|---|---|---|---|---|---|---|
| | f | % | f | % | f | % |
| ૧ | ૯૨ | ૧૦૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | ૮૦ | ૮૬.૯૬ | ૧૨ | ૧૩.૦૪ | ૦ | ૦ |
| ૩ | ૯૦ | ૯૭.૮૩ | ૦૨ | ૨.૧૭ | ૦ | ૦ |
| ૪ | ૮૭ | ૯૪.૫૭ | ૦૫ | ૫.૪૩ | ૦ | ૦ |
| ૫ | ૬૮ | ૭૩.૯૧ | ૧૯ | ૨૦.૬૫ | ૫ | ૫.૪૩ |
| ૬ | ૦૯ | ૯.૭૮ | ૦૭ | ૭.૬૧ | ૭૬ | ૮૨.૬૧ |
| ૭ | ૬૧ | ૬૬.૩૦ | ૧૯ | ૨૦.૬૫ | ૧૨ | ૧૩.૦૪ |
| ૮ | ૮૩ | ૯૦.૨૨ | ૦૯ | ૯.૭૮ | ૦ | ૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૯ | ૮૦ | ૮૬.૯૬ | ૦૮ | ૮.૭૦ | ૪ | ૪.૩૫ |
| **૧૦** | ૨૮ | ૩૦.૪૩ | ૧૫ | ૧૬.૩૦ | ૪૯ | ૫૩.૨૬ |
| **૧૧** | ૯૨ | ૧૦૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| **૧૨** | ૭૧ | ૭૭.૧૭ | ૧૦ | ૧૦.૮૭ | ૧૧ | ૧૧.૯૬ |
| **૧૩** | ૦૭ | ૭.૬૧ | ૦૮ | ૮.૭૦ | ૭૭ | ૮૩.૭૦ |
| **૧૪** | ૮૭ | ૯૪.૫૭ | ૦૩ | ૩.૨૬ | ૨ | ૨.૧૭ |
| **૧૫** | ૮૪ | ૯૧.૩૦ | ૦૪ | ૪.૩૫ | ૪ | ૪.૩૫ |
| **૧૬** | ૮૮ | ૯૫.૬૫ | ૦૪ | ૪.૩૫ | ૦ | ૦ |
| **૧૭** | ૮૫ | ૯૨.૩૯ | ૦૫ | ૫.૪૩ | ૨ | ૨.૧૭ |
| **૧૮** | ૭૭ | ૮૩.૭૦ | ૧૫ | ૧૬.૩૦ | ૦ | ૦ |
| **૧૯** | ૮૩ | ૯૦.૨૨ | ૦૯ | ૯.૭૮ | ૦ | ૦ |
| **૨૦** | ૮૨ | ૮૯.૧૩ | ૧૦ | ૧૦.૮૭ | ૦ | ૦ |
| **૨૧** | ૯૨ | ૧૦૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| **૨૨** | ૮૧ | ૮૮.૦૪ | ૦૯ | ૯.૭૮ | ૨ | ૨.૧૭ |
| **૨૩** | ૧૯ | ૨૦.૬૫ | ૦૬ | ૬.૫૨ | ૬૭ | ૭૨.૮૩ |
| **૨૪** | ૮૧ | ૮૮.૦૪ | ૦૩ | ૩.૨૬ | ૦૮ | ૮.૭૦ |
| **૨૫** | ૯૨ | ૧૦૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| **૨૬** | ૮૦ | ૮૬.૯૬ | ૦૬ | ૬.૫૨ | ૦૬ | ૬.૫૨ |
| **૨૭** | ૮૨ | ૮૯.૧૩ | ૧૦ | ૧૦.૮૭ | ૦ | ૦ |
| **૨૮** | ૭૭ | ૮૩.૭૦ | ૧૧ | ૧૧.૯૬ | ૦૪ | ૪.૩૫ |
| **૨૯** | ૦૫ | ૫.૪૩ | ૦૩ | ૩.૨૬ | ૮૪ | ૯૧.૩૦ |
| **૩૦** | ૮૩ | ૯૧.૨૧ | ૦૩ | ૩.૩૦ | ૦૫ | ૫.૪૯ |
| **૩૧** | ૯૨ | ૧૦૦ | ૦ | ૦ | ૦ | ૦ |

**૩.૨ અનુદાનિત કોલેજ અને બિનઅનુદાનિત કોલેજના તાલીમાર્થીઓના ઇન્ટર્નશીપ કાર્યક્રમ અંગેના અભિપ્રાયોની સરાસરીની તુલના**

અનુદાનિત કોલેજ અને બિનઅનુદાનિત કોલેજના તાલીમાર્થીઓના ઇન્ટર્નશીપ કાર્યક્રમઅંગેના અભિપ્રાયોની સરાસરીની તુલનાસારણી ૪ માં દર્શાવેલ છે.

**સારણી ૪ Ho: ૧ અનુદાનિત કોલેજ અને બિનઅનુદાનિત કોલેજના તાલીમાર્થીઓના ઇન્ટર્નશીપ કાર્યક્રમ અંગેના અભિપ્રાયોની સરાસરીઓ વચ્ચે કોઇ અર્થસૂચક તફાવત જોવા મળશે નહિ.**

| વિદ્યાર્થીઓ | કુલ (n) | મધ્યક (M) | પ્રમાણ વિચલન (S.D.) | પ્રમાણભૂલ ($SE_M$) | સ્વાતંત્ર્ય સંખ્યા (df) | ટી કસોટી (t - test) |
|---|---|---|---|---|---|---|
| કોલેજ ક્રમાંક ૧ | ૪૭ | ૮૭.૦૪૩ | ૧.૬૭૫૩ | ૦.૩૩૫ | ૯૦ | ૧.૭૯૭ |
| કોલેજ ક્રમાંક ૨ | ૪૫ | ૮૭.૬૪૪ | ૧.૫૩૭ | | | |

સારણી C માં જોતા, df = ૯૦ હોય ત્યારે 'ટી' નું સારણી મૂલ્ય ૦.૦૫ કક્ષાએ ૧.૯૬ અને ૦.૦૧ કક્ષાએ ૨.૫૮ છે. જ્યારે ગણતરી કરેલ મૂલ્ય ૧.૭૯૭ છે. જે સારણી મૂલ્ય ૦.૦૫ કરતા ઓછું છે. પરિણામે શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે. એટલે કે "અનુદાનિત કોલેજ અને બિનઅનુદાનિત કોલેજના તાલીમાર્થીઓના ઇન્ટર્નશીપ કાર્યક્રમ અંગેના

અભિપ્રાયોની સરાસરીઓ વચ્ચે કોઇ અર્થસૂચક તફાવત જોવા મળશે નહિ.” નો સ્વીકાર થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, કોલેજ ક્રમાંક ૧ અને કોલેજ ક્રમાંક ૨ ના તાલીમાર્થીઓના ઇન્ટર્નશીપ કાર્યક્રમ અંગેના અભિપ્રાયા સમાન હતાં.

### ૩.૩ અનુદાનિત કોલેજ અને બિનઅનુદાનિત કોલેજના તાલીમાર્થીઓના ઇન્ટર્નશીપ કાર્યક્રમ અંગેના અભિપ્રાયોનીસરાસરીની તુલના

અનુદાનિત કોલેજ અને બિનઅનુદાનિત કોલેજના તાલીમાર્થીઓના ઇન્ટર્નશીપ કાર્યક્રમ અંગેના અભિપ્રાયોની સરાસરીની તુલના સારણી ૫ માં દર્શાવેલ છે.

**સારણી ૫ Ho: ૨ અનુદાનિત કોલેજ અને બિનઅનુદાનિત કોલેજના તાલીમાર્થીઓના ઇન્ટર્નશીપ કાર્યક્રમ અંગેના અભિપ્રાયોની સરાસરીની તુલનાવચ્ચે કોઇ અર્થસૂચક તફાવત જોવા મળશે નહિ.**

| છોકરીઓ | કુલ (n) | મધ્યક (M) | પ્રમાણ વિચલન (S.D.) | પ્રમાણભૂલ ($SE_M$) | સ્વાતંત્ર્ય સંખ્યા (df) | ટી કસોટી (t - test) |
|---|---|---|---|---|---|---|
| કોલેજ ક્રમાંક ૧ | ૪૧ | ૮૭.૦૪૯ | ૧.૭૧૦ | ૦.૩૪૬૧ | ૭૯ | ૧.૫૯૩ |
| કોલેજ ક્રમાંક ૨ | ૪૦ | ૮૭.૬ | ૧.૬૦૯ | | | |

સારણી C માં જોતા, df = ૭૯ હોય ત્યારે ‘ટી’ નું સારણી મૂલ્ય ૦.૦૫ કક્ષાએ ૧.૯૬ અને ૦.૦૧ કક્ષાએ ૨.૫૮ છે. જયારે ગણતરી કરેલ મૂલ્ય ૧.૫૯૩ છે. જે સારણી મૂલ્ય ૦.૦૫ કરતા ઓછું છે. પરિણામે શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે. એટલે કે “અનુદાનિત કોલેજ અને બિનઅનુદાનિત કોલેજના તાલીમાર્થીઓના ઇન્ટર્નશીપ કાર્યક્રમ અંગેના અભિપ્રાયોની સરાસરીની તુલના વચ્ચે કોઇ અર્થસૂચક તફાવત જોવા મળશે નહિ.” નો સ્વીકાર થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો,તાલીમાર્થીઓના ઇન્ટર્નશીપ કાર્યક્રમ અંગેના અભિપ્રાયો સમાન છે.

### ૩.૩ અનુદાનિત કોલેજ અને બિનઅનુદાનિત કોલેજના તાલીમાર્થીઓના ઇન્ટર્નશીપ કાર્યક્રમ અંગેના મુકત અભિપ્રાયોની તરેહનો અહેવાલ

બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓના ઇન્ટર્નશીપ કાર્યક્રમ અંગેના મુકત અભિપ્રાયોની તરેહનો અહેવાલ આ પ્રમાણે છે.

#### ૩.૩.૧ ઇન્ટર્નશીપ કાર્યક્રમથી તાલીમાર્થીઓને થયેલા ફાયદા

- આત્મવિશ્વાસમાં વધારો
- આયોજનપૂર્વક શિક્ષણકાર્ય કરવાની તાલીમ મળી.
- વર્તન-પરિવર્તન
- સમય આયોજન કરતા શીખ્યાં
- નિયમતતા, શિસ્ત જેવા ગુણોનો વિકાસ
- નેતૃત્ત્વ શકિત, નિરિક્ષણ શકિત, સંચાલન શકિત, નિર્ણય શકિત જેવી શકિતઓનો વિકાસ.

#### ૩.૩.૨ઇન્ટર્નશીપ કાર્યક્રમ દરમિયાન તાલીમાર્થીઓને નડેલી મુશ્કેલીઓ

- વર્ગખંડ નિયંત્રણમાં મુશ્કેલી અનુભવી
- કાર્યભારણ વધુ જણાયું.
- પ્રોકસી તાસો વધુ પડતા જણાયા.
- વિદ્યાર્થીઓ ઘણાં નબળા હોવાથી સમજાવવામાં વધુ સમય ગયો.

**૩.૩.૩ઇન્ટર્નશીપ કાર્યક્રમને અસરકારક બનાવવા તાલીમાર્થીઓના સૂચનો**

- ઇન્ટર્નશીપ કાર્યક્રમનો સમયગાળો વધુ હોવો જોઇએ.
- ઇન્ટર્નશીપ કાર્યક્રમ એક જ સમ્રગ સેમેસ્ટર પૂરતો હોવો જોઇએ.
- કાર્યભારણ ઘટાડવું જોઇએ.

## ૪. ચર્ચા અને ભલામણો

પ્રસ્તુત સંશોધનના તારણો પરથી એ બાબત સ્પષ્ટ થઇ કે, દ્વિવર્ષીય બી.એડ્.ના ઇન્ટર્નશીપ કાર્યક્રમ અંગે તાલીમાર્થીઓ હકારાત્મક દષ્ટિકોણ ધરાવતા હતા. ઇન્ટર્નશીપ કાર્યક્રમથી તાલીમાર્થીઓને ઘણા લાભો થયા. પરંતુ મોટાભાગના તાલીમાર્થીઓને ઇન્ટર્નશીપ દરમિયાન કાર્યભારણ વધુ જણાયું. જે માટે ઇન્ટર્નશીપ કાર્યક્રનો સમયગાળો વધારી શકાય તથા પાઠોની અને સહઅભ્યિાસિક પ્રવૃત્તિની સંખ્યા ઘટાડી શકાય. વળી તાલીમાર્થીઓ દ્વારા એવા સૂચનો પણ મળ્યા કેઇન્ટર્નશીપ કાર્યક્રમ એક જ સમ્રગ સેમેસ્ટર પૂરતો હોવો જોઇએ. જે ખરેખર વિચારણા માંગી લે એવો મુદ્દો છે.

## સંદર્ભો

**જર્નલ પ્રકાશન**

૧. દેસાઇ, કે.જી. (૨૦૦૦). મનોવૈજ્ઞાનિક માપન. (ચતુર્થ આવૃત્તિ). અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિમાર્ણ બોર્ડ, ગુજરાત રાજય.
૨. પટેલ, આર.એસં (૨૦૦૯). શૈક્ષણિક સંશોધન માટે આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ (દ્વિતીય આવૃત્તિ). અમદાવાદ : જય પબ્લીકેશન.
૩. શાહ, ડી.બી. (૨૦૦૯). શૈક્ષણિક સંશોધન (દિશા દર્શન). અમદાવાદ : પ્રમુખ પ્રકાશન.
4. Rajanish (2005). Problems of B.Ed. Trainees during Teaching Practice.Recent Researches in Education and Psychology Vol.2, p.50-54. oct-dec 2012. Retrieved 10November, 2016 from http:/www.recentjournals.in/9.
5. Sharma, Pyase and Jain (2013). A Study & Survey of B.Ed. Students' Attitude towards Using Internet.International Journal of Science and Research (IJSR).Vol.4 Issue 12, December 2015, p. 1155-1158. Retrieved 10November, 2016 from www.ijsr.net/archive/v4i12.
૬. Borse (2014). Teaching Attitude of B.Ed. Teacher Trainees and Secondary School Teacher.Scholarly Research Journal For Humanity Science & English Language.Vol.1, No.2, Feb-March 2014, E-ISSN 2348-3083 p.197-200.Retrieved 12 November, 2016 from www.srjis.com/pages/14677076864.
7. www.ncte-india.org
8. www.recentjournals.com
9. www.ijsr.net
10. www.srjis.com